# GUJARAT STATE TRIBAL DEVELOPMENT RESIDENTIAL EDUCATIONAL INSTITUTIONS SOCIETY

3rd Floor, Birsa Munda Bhavan, Sector – 10 A, Gandhinagar – 382010, Ph: 079-23243748/9


ફા.નં. ટીડી/ઇએમઆરએસ/૨૦૧૧/૧૧૨૪/354

તા. 15 DEC 2011

## પરિપત્ર- ૩૯

વંચાણે લીધા:-

(૧) ટીડી/ઇએમઆરએસ/૨૦૧૧/૧૦૪૧ તા.૦૯/૦૮/૨૦૧૧નો હુકમ.

(૨) ડી-સેગ તરફથી મળેલ ક્રમાંક/૨૦૧૧/ગ્રાંટ/ડી-સેગ તા.૨૦/૦૯/૨૦૧૧નો પત્ર.

(૩) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાતનો નં.વકય-૨૦૦૯૬૨૫(૨)-ડી-સેગ તા.૧૩/૧૦/૨૦૧૧નો પરિપત્ર.

ઉપરોક્ત સંદર્ભ અન્વયે ગુજરાત રાજ્ય ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુશન્સ સોસાયટી માટે કામગીરી કરવા ડી-સેગ દ્વારા આદિજાતિ પ્રાયોજના વિસ્તારના જિલ્લામાં કન્સલટન્ટોની આ સાથેની યાદીમા જણાવ્યા મુજબ ફાળવણી કરવામા આવેલ છે. ઉપરોક્ત આમુખ-(૨)માં જણાવ્યા મુજબ આ સોસાયટી હસ્તકના તમામ કન્સલટન્ટની કન્સલટન્સી ફી, પ્રવાસ ભથ્થુ અને પી.ટી.એ. ની ચુકવણી સપ્ટેમ્બર-૨૦૧૧થી જી.એસ.ટી.ડી.આર.ઇ.આઇ. સોસાયટી દ્વારા કરવામા આવે છે. આથી દરેક કન્સલટન્ટે તેમના જીલ્લાના સબંધિત પ્રાયોજના વહીવટદારશ્રી મારફત પોતાનો માસિક પ્રગતિ અહેવાલ અને હાજરી અંગેનો રીપોર્ટ દરેક માસની પહેલી તારીખે કાર્યપાલક નિયામકશ્રી, જી.એસ.ટી.ડી.આર.ઇ.આઇ. સોસાયટી ગાંધીનગર ખાતે મોકલી આપવાનો રહેશે.

ડી-સેગના કન્સલ્ટન્ટ, યંગપ્રોફેશનલ અને જુ.કન્સલ્ટન્ટની વાર્ષિક કામગીરી રિવ્યુ માટે વાઇસ ચેરમેનશ્રી ડી-સેગ અને મા.અધિક મુખ્ય સચિવશ્રી આદિજાતિ વિકાસ વિભાગની મધ્યક્ષતા હેઠળ મળેલ રિવ્યુ કમિટીમાં લેવાયેલ નિર્ણય અનુસાર ઉકત પ્રથામાં કાળજીપૂર્વકની વિચારણા બાદ ફેરફાર કરી ઠરાવવામાં આવે છે કે જિલ્લાકક્ષાએ પ્રાયોજના વહીવટદારશ્રીઓની કચેરીઓમાં ફરજ બજાવતા સિ.કન્સલ્ટન્ટ, કન્સલ્ટન્ટ, જુ.કન્સલ્ટન્ટ, એકાઉન્ટ આસિસ્ટન્ટની કરારની મુદ્દત પુરી થતા ફરજ ઉપરથી છૂટા કરવામાં આવશે અને ત્યાર બાદ પ્રોજેકટ આધારે

જરૂરિયાત મુજબના માનવબળ/કન્સલ્ટન્ટની ભરતી કરીને ૧૧ માસનીમુદ્દત માટે કરાર આધારિત નિમણૂંક આપવાના અધિકારો આપવા આથી ઠરાવવામાં આવે છે.

ઉપરોક્ત નિર્ણયના અનુસંધાને જી.એસ.ટી.ડી.આર.ઇ.આઇ. સોસાયટી સંચાલિત શાળાની કામગીરી કરવા માટે જિલ્લા કક્ષાએ નિમણૂંક થયેલ કન્સલટન્ટોના કિસ્સામાં પણ આ જ નિર્ણય લાગુ પાડવા નકકી થયેલ છે.

આ કામગીરી માટે જિલ્લાકક્ષાની પસંદગી સમિતિની રચના કરવામાં આવે છે અને તેમાં નીચે મુજબના સભ્યોનો સમાવેશ કરવામાં આવે છે.

(૧) પ્રાયોજના વહીવટદારશ્રી - અધ્યક્ષ
(૨) ચીટનીશ/એ.પી.ઓ. - સભ્ય સચિવ
(૩) જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) - સભ્ય
(૪) જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી(DPO) - સભ્ય

ઉપરોક્ત સમિતિ દ્વારા નિમણુંક કરાયેલ કન્સલટન્ટને માસિક ફી ની ચુકવણી જી.એસ. ટી.ડી.આર.ઇ.આઇ.એસ. દ્વારા કરવામા આવશે. તેમજ નિમણુંક અંગેની શરતો અને લાયકાતનું ધોરણ જી.એસ.ટી.ડી.આર.ઇ.આઇ.એસ. દ્વારા નક્કી કરવામા આવ્યા મુજબ રહેશે.

(મીના ભટ્ટ)
કાર્યપાલક નિયામક
જી.એસ.ટી.ડી.આર.ઇ.આઇ.એસ.
ગાંધીનગર

પ્રતિ,
પ્રાયોજના વહીવટદાર શ્રી તમામ
પ્રાયોજના અધિકારી શ્રી તાલાલા (ગીર)

ISSUED
Dt :- 15-12-2011
Signature

નકલ રવાના:- (૧) ચીટનીશ/એ.પી.ઓ.
(૨) જિલ્લા શિક્ષણ અધિકારી (DEO)
(૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી(DPEO)